# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૯/૦૯/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

આગામી વિધાનસભા–૨૦૧૭ની ચૂંટણી ભવ્યાતિભવ્ય રીતે જીતવા ભાજપના કાર્યકરો કટિબધ્ધ છે. તમામ વિધાનસભાના ભાજપના કાર્યકરોમાં સુરત શહેર–જિલ્લાને સ્પર્શતી તમામ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવારોને માત્ર હરાવવાનો નહીં પરંતુ કોંગ્રેસના ઉમેદવારોની ડીપોઝીટ ડૂલ કરવાનો થનગનાટ છે. આ વિધાનસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે અને સંપૂર્ણ લોકશાહી પ્રક્રિયા મુજબ કાર્યકર્તાઓની રજુઆતના આધારે ઉમેદવારોની પસંદગી કરવા ગુજરાત પ્રદેશ દ્વારા નિયુક્ત કરાયેલા પ્રદેશ નિરીક્ષકશ્રીઓ વિધાનસભા બેઠકના ઉમેદવાર અંગે સામૂહિક અને વ્યક્તિગત રજુઆત સાંભળશે.

પ્રદેશ નિરીક્ષકશ્રીઓ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, શ્રીમતી જ્યોતિબેન પંડયા, શ્રી ભરતભાઈ પંડયા, શ્રી રોહિતભાઈ પટેલ, શ્રીમતી મમતાબેન કાળે તા. ૨૧ થી તા. ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન સુરત મહાનગરની ૧૨ વિધાનસભા બેઠકો ઉપર કાર્યકર્તાઓને સાંભળશે.

- <u>નોંધ :–</u> આ સાથે વિધાનસભા બેઠક પ્રમાણે સમય પત્રક સામેલ છે.